# મુખ્યમંત્રીનું નિવાસસ્થાન અને વિમાન ઉંદરપ્રુફ, સચિવાલયમાં પણ આ સુવિધા જરૂરી છે

## કોમ્પ્યુટર એન્જિનિયરે બનાવેલા એક મશીનથી ઉંદરો દૂર ભાગે છે, આ મશીનનો ઉપયોગ સચિવાલયના વિવિધ વિભાગોમાં પણ થાય તો નુકશાન અટકી શકે

ગાંધીનગર, તા. ૮

ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટીના કોમ્પ્યુટર એન્જીયરીગના સ્ટાર્ટ અપ દ્વારા તૈયાર કરાયેલા એક મશીનને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના બંગલામાં લગાવવામાં આવ્યું છે અને સાથે જ એરપોર્ટ પર સીએમના ૧૯૧ કરોડના પ્લેનની સુરક્ષા માટે પણ આ ઈનોવેશન મશીન લગાવવામાં આવ્યું છે જે ઉંદરોથી થતાં નુકશાનને અટકાવે છે અને તેમને ભગાડે છે.

ટેક્નોલોજી યુનિવર્સિટીના કમ્પ્યૂટર એન્જીયરીગના વિદ્યાર્થી ભરત પરમારનું સ્ટાર્ટ અપ છે. ભરત પરમાર જણાવે છે કે આ એક એવું મશીન છે જેમાં ૩૦૦ પ્રકારના રસેલ વાઈપરની સાઉન્ડ ફ્રિકવન્સી ફિટ છે. આ ફ્રિકવન્સી ઓટોમેટિક ચેન્જ થયા કરે છે જેના સાઉન્ડથી ઉંદર ઈરિટેટ થઈ જાય છે અને તે દૂર ભાગે છે.

આ પ્રકારના મશીનની આવશ્યકતા સચિવાલયના વિભાગોમાં પણ છે કારણ કે આ કચેરીઓમાં બંદરો અને શ્વાનના ત્રાસ ઉપરાંત ઉંદરોનો ઉપદ્રવ વધી ચૂક્યો છે. ઉંદરોનો ત્રાસ તો સચિવાયલ બન્યું ત્યારથી જોવા મળી રહ્યો છે. તે ફાઈલોને તો નુકશાન કરે છે પરંતુ કોમ્પ્યુટરમાં ઘૂસીને વાયરોની તોડફોડ કરીને વધારે નુકશાન કરાવે છે. ઉંદરો વધવાનું કારણ આપતાં એક સિનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સચિવાલયનું નિર્માણ ખેતરોમાંથી થયું છે તેથી જમીનમાંથી તેઓ બહાર આવે છે.

બીજું અને મહત્વનું કારણ આપતાં તેઓ જણાવે છે કે સવારે ૧૦ વાગ્યે ઓફિસમાં આવી જતા અધિકારીઓ અને કર્મચારીઓ બપોરનું ભોજન અને સાંજનો નાસ્તો સચિવાલયમાં કરતા હોવાથી ઉંદરોને ભરપૂર ભોજન મળી રહે છે. આ ઉંદરો માત્ર ગ્રાઉન્ડફ્લોર પર જ નહીં નવમા માળે આવેલી ઓફિસમાં પણ જોવા મળી રહ્યાં છે. ઘણી જગ્યાએ ઉંદર પકડવાના પાંજરા પણ મૂકવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીના નિવાસસ્થાન અને વિમાનમાં આ મશીન મૂકવામાં આવ્યું છે તેવું મશીન સચિવાલયના વિભાગોમાં પણ મૂકવામાં આવે તેવી માગણી કર્મચારી યુનિયનો દ્વારા કરવામાં આવી રહી છે. સરકાર સચિવાલયમાં સ્ટેશનરી પાછળ ખર્ચ કરે છે ત્યારે આ પ્રકારનું મશીન જો કામ લાગતું હોય તો તેને મૂકવાથી ઉંદરોથી થતાં નુકશાનને બચાવી શકાય તેમ છે.

# ૧૫૭ પંચાયતોમાં ચૂંટણી જંગ ખેલાશે

## ૨૨ પંચાયતો સમરસ થઈ; પાંચ ગામમાં સરપંચ સમરસ થયા, હવે સરપંચ પદ માટે ૫૩૯ અને સભ્યપદ માટે ૧૩૨૩ ઉમેદવારો જંગમાં

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ૨૨ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે જ્યારે પાંચ ગ્રામ પંચાયતો અંશતઃ સમરસ થઈ છે.

ગઈકાલે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે સ્પષ્ટ થયેલ ચિત્ર મુજબ જિલ્લામાં હવે સરપંચ પદ માટે ૫૩૯ અને ૧૩૨૩ સભ્યપદ માટેના ઉમેદવારો મેદાનમાં છે.

જિલ્લામાં ૧૭૯ પંચાયતોની ચૂંટણી યોજાવાની હતી જે પૈકી ૨૨ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. જ્યારે પાંચ પંચાયતો અંશતઃ સમરસ થઈ છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૯૫૬ જેટલા વોર્ડ સભ્યો પણ બિનહરિફ ચૂંટાયેલા જાહેર થયા છે.

મળતી વિગતો પ્રમાણે જે પાંચ સરપંચો બિન હરિફ વિજેતા જાહેર થયા છે તેમાં કલોલમાં ૧, માણસામાં ૨, દહેગામમાં ૨ સરપંચોનો સમાવેશ થાય છે.

જે વોર્ડના સભ્યો બિન હરિફ થયા છે તેમાં ગાંધીનગરમાં ૨૬૮, દહેગામમાં ૪૫૭, કલોલમાં ૩૭ અને માણસાના ૧૯૪ વોર્ડ સભ્યોનો સમાવેશ થાય છે.

જિલ્લાની જે ગ્રામ પંચાયતો સંપૂર્ણ સમરસ થઈ છે તેમાં ગાંધીનગરની કાકાનું તારાપુર, ચેખલાપગી રાણી પંચાયત, દહેગામ તાલુકાની ઓતમપુરા, બદપુરા, મોસમપુરા, મીઠાના મુવાડા, અરજણજીના મુવાડા, મોતીપુરા મહુડિયા, પરસુણિયા, લીયાપુર, ઝાલાના મુવાડાનો સમાવેશ થાય છે.

માણસા તાલુકાની આનંદપુરા (વે), પ્રેમપુરા(વે), મોતીપુરા (વે), હિંમતપુરા(બિ), આનંદપુરા (સૌ), ફતેપુરા, મકાખાડ, રાજપુર, પાલડીરાઠોડ, બળીયાનગર અને ઈન્દ્રપુરા ગ્રામ પંચાયતો સમરસ બની છે. જિલ્લામાં હવે ૧૫૭ પંચાયતોમાં ૧૯મી ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે. ચૂંટણીના જાહેર પ્રચાર અભિયાનનો આરંભ પણ ગ્રામ્ય વિસ્તારમાં શરૂ થઈ ચુક્યો છે.




મિશન વાયબ્રન્ટ : વાયબ્રન્ટ સમિટ - ૨૦૨૨માં રોકાણકારોને આમંત્રણ આપવા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દુબઈના પ્રવાસે ગયેલ ઉચ્ચ કક્ષાના પ્રતિનિધિ મંડળે આજે દુબઈમાં વસતા ભારતીય સમુદાય તથા ગુજરાતીઓની મુલાકાત લીધી તે સમયની તસવીર.

# એક જ દિવસમાં ૩૯૪ કોવિડ મૃતકોની સહાય મંજૂર કરતુ જિલ્લાતંત્ર

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં કોવિડ સહાય મેળવવા માટેની આજે ૩૯૪ અરજીઓનો એક જ દિવસમાં સહાય મંજૂર કરી તંત્રએ સરાહનીય કામગીરી કરી છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રને સરકારે આપેલ ૧૪૪ મૃતકોની યાદીમાંથી ૧૧૬ અને તંત્ર સમક્ષ આવેલા ફોર્મમાંથી ૩૯૪ અરજીઓ મળી કુલ ૫૧૦ કેસમાં સહાય ચૂકવવાના આદેશો કરી દેવાયા છે. આ અરજદારોને બે દિવસમાં તેમની સહાયની રકમ તેમના બેંક ખાતામાં જમા થઈ જશે.

આજે જે ૩૯૪ અરજીઓ સહાયની મંજૂર કરવામાં આવી છે તેમાં ગાંધીનગરની ૬૦, માણસાની ૨૦૦, કલોલની ૧૦૦ અને દહેગામની ૩૪ અરજીઓનો સમાવેશ થાય છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે સરકારે આ સહાય પેટે પ્રથમ તબક્કામાં રૂ. ૧ કરોડની ગ્રાન્ટ ફાળવી હતી. આ પછી અરજીઓ મળતાં સરકારમાં કરાયેલ રજુઆતને અંતે વધુ ૭ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તંત્ર દ્વારા કોવિડ મૃતકોના પરિવારને ઝડપથી આ સહાય મળે તે માટે આજે કામગીરીને વેગ આપ્યો છે.

તંત્રએ અત્યાર સુધીમાં ૧૦૬૨થી વધુ અરજીઓ પરત મળી ચુકી છે જે પૈકી ૫૧૦ને સહાય ચુકવવાની કામગીરી લગભગ પૂર્ણ થઈ ગઈ છે. બીજા ફોર્મની ચકાસણી પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં કોવિડથી થયેલા મોત અંગે સરકારે જાહેર કરેલ આંકડાઓ કરતાં વધુ સંખ્યામાં ફોર્મ ભરાઈને આવ્યા છે એટલુ જ નહિ તેના કરતાં વધુ સંખ્યામાં મૃતકોના પરિવારોને સહાય પણ ચુકવવામાં આવી છે. હજુ ફોર્મ લઈ જનારા અને ભરીને પરત આપવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

# શહેરના મુખ્યમાર્ગોની સાથે સેન્ટ્રલ વર્જની રોનક નિખરશે

## નગરના માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા લાગશે : એકઝિબ્યુશન સેન્ટર ફરતે પણ રંગરોગાન કરાશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરના મુખ્યમાર્ગોને સુશોભિત કરવા માટે માર્ગોનુ ડામર કામ તેમજ કેટ આઈ અને થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ લગાવાશે. જયારે માર્ગો આસપાસ સ્થિત ફુટપાથના કર્બિંગને કલરકામ પણ કરવામાં આવનાર છે. જયારે માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં રંગરોગાન કરવામાં આવશે. આ ઉપરાંત હેલીપેડ મેદાન ખાતે સ્થિત એકઝિબ્યુશન સેન્ટરની કમ્પાઉન્ડ વોલને પણ કલર કરવામાં આવશે

ગાંધીનગરને સુશોભિત કરવા માટે નતનવા કામો હાથ ધરવામાં આવ્યા છે. વાઈબ્રન્ટ સમિટ નજીકમાં છે. આગામી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરની સુંદરતા નિખારવા માટે વિવિધ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. વૃક્ષોના ટ્રીમીંગ થી માંડીને સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલરકામ કરવા તેમજ માર્ગ સુધારણા અને ફુટપાથ રીપેરીંગ સહીત સફાઈ અને રંગરોગાન અને વૈવિધ્યસભર સુશોભનનુ કામ મુખ્ય બન્યુ છે. શહેરના તમામ આડા ઉભા માર્ગોનુ ડામર કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે શહેરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગની કામગીરી પણ ચાલી રહી છે. આ ઉપરાંત શહેરના સર્કલોની સફાઈ તેમજ જાળવણીનુ કામ કરી લાંબા સમયથી બિસ્માર જોવા મળતા સર્કલોની પણ રોનક નિખરે તે માટે જવાબદાર સંસ્થાઆને સુચના આપી દેવામાં આવી છે. આ ઉપરાંત ફુટપાથના કર્બિંગને કલર તેમજ ઉખડી ગયેલી ટાઈલ્સો નવી નાંખવા સહીત સમારકામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે શહેરના માર્ગો રાત્રિના સમયે પણ જગમગ થાય તે માટે તમામ રસ્તાઓ પર કેટ આઈ લગાવાશે આ ઉપરાંત થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ કરવામાં આવશે. જયારે સેન્ટ્રલ વર્જમાં અવનવા રોપાઓની સજાવટ સાથે તેની ગ્રીલ પણ હાલ કટાયેલી હાલતમાં છે તેને પણ કલરકામ કરવામાં આવશે. આ ઉપરાંત એકઝિબ્યુશન સેન્ટરને અનુલક્ષીને પણ માર્ગ સુધારણા અને સફાઈનુ કામ હાથ ધરાયુ છે. જયારે પ્રદર્શન સેન્ટર ફરતેની દિવાલને પણ કલર કરવામાં આવશે. જયારે શહેરના ક્રોસ રસ્તા પાસે મુકવામાં આવેલા સોલાર બ્લિન્કર્સ પણ બંધ હાલતમાં છે. જેની લાઈટીંગ ચાલુ કરવા માટે પણ નવી ઈન બ્યુલ્ટ બેટરી ફીટ કરવામાં આવશે. શહેરના વિવિધ માર્ગો તેમજ બિલ્ડીંગોને પણ વાઈબ્રન્ટ દરમિયાન રોશનીથી શણગારવામાં આવે છે. જયારે મુખ્યમાર્ગો પર આવતા આ પ્રકારના વૃક્ષા રાત્રિના સમયે

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં માઈક્રોશોપિંગની દુકાનોને અનુલક્ષી પેટાભાડુઆતો સામે તંત્ર હવે એકશન લેશે

## સેકટરામાં માઇક્રોશોપિંગની દુકાનોના માળખામાં ફેરફાર કરી પેટાભાડુઆતોને પણ આપી દેવાઇ હોવાની ફરિયાદો સામે લાંબા સમયથી કોઇ પગલા લેવાયા નથી

ગાંધીનગર તા ૮

ગાંધીનગરની સ્થાપના બાદ શહેરના સેકટરોમાં સ્થાનિકોને સેકટરમાં જ જરૂરી ચીજવસ્તુઓ મળી રહે તે માટે નિર્માણ કરાયેલી માઈક્રોશોપિંગની દુકાનો ભાડેથી અને પેટાભાડેથી આપવાના કીસ્સાઓ શોધવા માટે પાટનગર યોજના વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે. જયારે આ પ્રકારની દુકાનોમાં કબજેદારોએ માળખામાંથી જ ફેરફાર કરવામાં આવ્યો હોય તેવા કિસ્સામાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પણ સંભાવના છે. માઈક્રોશોપિંગની દુકાનોને અનુલક્ષી તંત્ર દ્વારા આ મામલે વર્ષોના અંતે પણ કોઈપણ પ્રકારની તપાસ કરવામાં આવી ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

ગાંધીનગરના સેકટરોમાં વર્ષો પુર્વે નિર્માણ કરાયેલી માઈક્રોશોપિંગની દુકાનો મામલે લાંબા સમયથી કોઈ તપાસ થઈ નથી સ્થાનિક વેપારીઓએ પણ આ મામલે અનેકવાર રજુઆત કરી છે. કેટલીક દુકાનો લાંબા સમયથી ખાલી પડી છે. સેકટરોમાં માઈક્રોશોપિંગની કેટલીક દુકાનોના માળખામાં કબજેદારો દ્વારા ફેરફાર કરી દેવાયો હોવાની ફરિયાદો ઉઠી છે.

જયારે માઈક્રોશોપિંગની દુકાનોમાં પેટાભાડુઆતોનો કબજો હોવાની ફરિયાદો થતી રહે છે. પરંતુ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી વર્ષોના અંતે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી બીજીતરફ સેકટરોમાં કેટલાક ઠેકાણે માઈક્રોશોપિંગની દુકાનો લાંબા સમયથી ખાલી છે. આમ તો આ દુકાનોમાં ચાર દિવાલ અને શટર સિવાય અન્ય કોઈ વ્યવસ્થા નથી. પરંતુ કેટલાક ઠેકાણે તંત્રની કોઈ મંજુરી લીધા વિના જ નોંધપાત્ર ફેરફાર કરી દેવાયા છે. શહેરમાં દબાણની સમસ્યા ઉભી ન થાય તે માટે આ પ્રકારની દુકાનો બાંધવામાં આવી હતી. લારી ગલ્લાના દબાણો ન થાય તેમજ નાના વેપારીઓને રોજગાર મળી રહે તે માટે મામુલી ભાડાનો દર નક્કી કરી આ મુજબની દુકાનો ભાડેથી ફાળવવામાં આવી હતી. પંરતુ કેટલાક ઠેકાણે ધાબા ભરી આગળ ફાઈબરના શેડ તાંણી બાંધવામાં આવ્યા છે.

જયારે કેટલાકે તો ભોંયરા સ્વરૂપે ગોડાઉન બનાવી દીધા હોવાના પણ કીસ્સા છે. જયારે આ દુકાનોના કબજેદારો પૈકી કેટલાક તો એવા છે કે ગાંધીનગરના રહેવાસી નથી. ત્યારે હવે આગામી દિવસોમાં દુકાનોના માળખામાં ફેરફાર કરી પેટાભાડુઆતોને આપવાના કીસ્સામાં તંત્ર એકશન મોડમાં આવે તેવી પણ સંભાવના છે. આવા કિસ્સામાં આગળ નોટીસ આપી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગાંધીનગરના સેકટરોમાં સ્થિત આવી માઈક્રોશોપિંગની દુકાનો પૈકી ઘણી ખાલી હોવાની સાથે પેટાભાડુઆતોના કબજામાંથી મુક્ત કરાવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. પરંતુ અગાઉ પણ આ મામલે થયેલી રજુઆતના અંતે હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. ત્યારે આ પ્રકારની હરકત સામે યોગ્ય કાર્યવાહી થાય તે માટે પણ ઘણાં નાના વેપારીઓએ માંગણી કરી છે.

## અન્ડરપાસના બંધ માર્ગ પર અવર જવર નહિ કરવા મનપાનો પત્ર

ગાંધીનગર મહાનગર પાલિકાએ શહેરની ત્રણેય કોલેજોના આચાર્યોને એક પત્ર લખી કોલેજ સંકુલ નજીક ચાલી રહેલા અન્ડરપાસની કામગીરીને ધ્યાને રાખી વિદ્યાર્થીઓને ત્યાંથી આવન-જાવન ન કરવાની સૂચના આપવા જણાવ્યુ છે. તંત્રએ આ અંગે પોલીસને પણ પત્ર લખી મનપાની કામગીરીમાં સહયોગ આપવા કહેવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓ-સેન્ટ્રલ વિષ્ટામાં આવતા લોકો ત્યાં મુકવામાં આવેલ સિક્યોરીટી ગાર્ડની સૂચનાનો અનાદર કરી અવર-જવર કરી રહ્યા છે. હાલ કામગીરી ચાલુ હોવાથી દુર્ઘટના ના સર્જાય તે માટે મનપાના તંત્રએ આ પત્ર લખી કોલેજોના આચાર્યોનું ધ્યાન દોર્યુ છે. પોલીસને પણ અવર-જવરની પ્રક્રિયા બંધ કરવાની કામગીરમાં સહયોગ આપવા જણાવાયુ છે. મહાત્મા મંદિરમાં આગામી જાન્યુઆરીમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટને લઈ આ અન્ડરપાસની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

# રાજ્યમાં હાઈડ્રોજન ફ્યુઅલ ટેકનોલોજીના પ્લાન્ટ નંખાશે

## ભારતીય રેલવે પછી ગુજરાત સરકારે વાયબ્રન્ટ ગ્લોબલ સમિટમાં મૂડીરોકાણ કરવા વિવિધ ઉદ્યોગજૂથોને આપેલું આમંત્રણ

ગાંધીનગર, તા. ૮

દેશ અને દુનિયામાં પેટ્રોલ અને ડીઝલના વિકલ્પો વિચારવામાં આવી રહ્યાં છે તેમ હવે ગુજરાતે પણ આ દિશામાં ધ્યાન કેન્દ્રીત કર્યું છે. રાજ્ય સરકાર હાઈડ્રોજન ફ્યુઅલ ટેકનોલોજી તરફ આગળ વધી રહ્યું છે. રાજ્યની ૧૦મી વાયબ્રન્ટ ગ્લોબલ સમિટમાં સરકાર કેટલાક ઉદ્યોગજૂથો સાથે હાઈડ્રોજન ફ્યુઅલના પ્રોજેક્ટ માટે સમજૂતી કરાર કરી રહ્યું છે, જે ભવિષ્યની સસ્તી ફ્યુઅલ ટેકનોલોજી છે.

ઉદ્યોગ વિભાગ સાથે સંકળાયેલા એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે વિશ્વમાં હાઈડ્રોજન સંચાલિત ટ્રેનોનું પરીક્ષણ કરવામાં આવ્યું છે તે જોતાં નજીકના ભવિષ્યમાં પેટ્રોલ અને ડીઝલના અસરકારક વિકલ્પ તરીકે હાઈડ્રોજન ફ્યુઅલનો વિકાસ થવાની સંભાવના છે. વિવિધ દેશોમાં એક તરફ ઈલેક્ટ્રિક વ્હિકલ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે ત્યારે ભવિષ્યની ઉર્જા તરીકે હાઈડ્રોજન ટેકનોલોજી આધારિત ઉદ્યોગો સ્થાપવા આ દેશો આગળ વધી રહ્યાં છે.

વિશ્વના ૧૦ દેશો એવા છે કે જે ગ્રીન હાઈડ્રોજન ઈકોનોમી તરફ આગળ વધી રહ્યાં છે જેમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, ચાઈના, ફ્રાન્સ. જર્મની, જાપાન, નોર્વે, સાઉથકોરિયા, યુકે અને યુએસએનો સમાવેશ થાય છે. અમેરિકાનું કેલિફોર્નિયા હાઈડ્રોજન ટેકનોલોજીમાં દુનિયાનું અગ્રણી બજાર બનવા માગે છે. આ સ્ટેટમાં ડીઝલ અને પ્રાકૃતિક ગેસથી ચાલતી તમામ બસ સર્વિસ ૨૦૪૦ સુધીમાં બંધ કરી દેવાશે.

ઈલેક્ટ્રિક કાર ચલાવવા માટે બેટરીમાંથી વીજળી મળતી હોય છે જયારે હાઈડ્રોજન ફ્યુઅલ આધારિત એન્જીન કાર ગેસની મદદથી જાતે વીજળી ઉત્પન્ન કરે છે. તાજેતરમાં ઓટોમેકર ટોયોયોએ મિરાઇ ફ્યુઅલ સેલ કારનું પરીક્ષણ કર્યુ હતું જેણે માત્ર ૫.૭ કિલોગ્રામ હાઈડ્રોજનમાં ૧૩૫૨ કિલોમીટનું અંતર કાપ્યું હતું. જો કે આ ફ્યુઅલમાં સૌથી મોટો પડકાર હાઈડ્રોજનની ઉપલબ્ધતા અને ઉત્પાદન ખર્ચનો છે, જો કે આ દાયકાના અંત સુધીમાં હાઈડ્રોજનનો ઉત્પાદન ખર્ચ ઘટીને કિલોદીઠ એક ડોલર થઈ જશે.

આ અધિકારીએ જણાવ્યું હતું કે ભારતીય રેલવેએ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ દ્વારા ટ્રેન ચલાવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. દેશમાં પહેલા ડેમુ ટ્રેન બે રેકમાં પરિવર્તન કરીને તેને હાઈડ્રોજન ફ્યુઅલ સેલથી ચલાવવામાં આવશે, તેના પછી નેરોગેજ એન્જીનમાં આ ફ્યુઅલ

● અનુસંધાન પાના - ૭ પર

# ગાંધીનગર સમાચારના જયેશભાઈ પંચોલીના પિતા કનૈયાલાલ પંચોલીનું નિધન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સમાચારના પ્રોડકશન મેનેજર અને



ગાંધીનગર કલ્ચરલ ફોરમના કારોબારી સભ્ય જયેશભાઈ પંચોલીના પિતાશ્રી કનૈયાલાલ પંચોલીનું આજે સવારે ૯૭ વર્ષની જૈફ વયે ટૂંકી માંદગી બાદ નિધન થયુ છે.

સદ્‌ગત કનૈયાલાલ પંચોલી ખૂબ જ આત્મબળ ધરાવતા હતા. છેલ્લા ચાર દિવસને બાદ કરતા તેઓ હંમેશા સ્વસ્થ રહ્યા હતા. સદ્‌ગતની અંતિમ યાત્રામાં ગાંધીનગર સમાચાર સ્ટાફ પરિવાર અને જીસીએફના અગ્રણીઓ સહિત જ્ઞાતિજનો જોડાયા હતા. સદ્‌ગતનું બેસણું આવતીકાલે તા. ૯-૧૨-૨૦૨૧ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન જયેશભાઈ પંચોલીના નિવાસસ્થાન રેડીયન્ટ રેસીડન્સી, ઈન્ફોસીટી સ્કૂલ પાસે, પ્રમુખ હાર્મોની પાસે, સરગાસણ ખાતે રાખેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR.FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com